GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# કોવિડ-૧૯ ની હીરાઉધોગ પર અસરો

**Mr. Jaysukh B. Zinzala**

Research scholar
Smt.kusumben kadakia Arts & commerce college, Ankleshwar
EMAIL ID – zinzalajaysukh@gmail.com
MO.NO – 8758464758

## અમૂર્ત

પ્રસ્તુત સંશોધન પેપરમાં ભારતમાં covid-૧૯ની મહામારીના લીધે હીરાઉધોગ પરની અસરો રજુ કરવામાં આવી છે.સમગ્ર વિશ્વએ આ મહામારીનો સામનો કર્યો છે.ભારતીય અર્થવ્યવસ્થા પણ આ સ્થિતિનો સામનો કરી રહી છે.પ્રસ્તુત સંશોધન પેપર ગૌણ માહિતી( secondary Data) પર આધારિત છે.કોવિડ-૧૯ મહામારીના લીધે આ ઉધોગને કેટલું નુકશાન થયું છે?લોકડાઉનના લીધે કઇ અસર થઈ છે? હીરાના આયાત -નિકાસની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## (૧) પ્રસ્તાવના

ભારત વિશ્વનું ૫મુ નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છે.(૧.અમરિકા ૨.ચીન ૩.જાપાન ૪.જર્મની ૫.ભારત) વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમ્યાન ભારતીય અર્થતંત્રનો આર્થિક વૃદ્ધિદર ૭.૪ ટકા રહ્યો હતો.પરંતુ કોરોના મહામારીના લીધે સમગ્ર વિશ્વ મહામંદી માંથી પસાર થઇ રહ્યું છે.જેની અસર ભારતીય અર્થતંત્ર ઉપર પડી છે.આ વાયરસના લીધે વૈશ્વિક અર્થવ્યવસ્થાને ૩.૫ લાખ કરોડનું નુકશાન થવાની આગાહી છે.જેમાં હીરાઉધોગ પણ ફટકો પડ્યો છે.ભારતીય અર્થતંત્રમાં સૌપ્રથમ વાર જીડીપીનો દર -૨૩.૯ ટકા થયો હતો જેની અસર અસંગઠિત ક્ષેત્ર,ઉધોગો પર ,ગરીબ - મધ્યમ વર્ગ પર પડી હતી.પ્રસ્તુત સંશોધન પેપરમાં હીરાઉધોગ પર થયેલી અસરોની ચર્ચા કરવામાં આવી છે.

હીરાઉધોગ એ દેશના જુદા જુદા ઉધોગમાનો એક મહત્વનો ઉધોગ છે.વિશ્વના કિમતી પદાર્થોમાં હીરાનું સ્થાન મહત્વનું છે.ભારતીય હીરોઓ તેના કદ અને સોંદર્યના કારણેખુબજ મુલ્યવાન ગણાય છે.૯૫ ટકા પ્રોસેસ્ડ હીરાની નિકાસ ભારત માંથી થાય છે.ભારતીય હીરાની સૌથી વધુ નિકાસ અમેરિકામાં કરવામાં આવે છે.દેશની જીડીપીમાં ૭ ટકા હિસ્સો હીરાઉધોગનો જોવા મળે છે.૧૫ લાખથી વધુ લોકો આ ઉધોગ સાથે જોડાયેલા છે.હીરાઉધોગ પર પડેલી અસરો જાણવા માટે covid-૧૯નો ટૂંકમાં પરીચય મેળવીએ.

## (૨) covid-૧૯નો પરિચય

કોરોના વાયરસ એ વાયરસોનું એક કુટુંબ છે.જે પ્રાણીઓ અથવા માણસોમાં બિમારીનું કારણ બંને છે.માનવામાં ઘણા કોરોના વાયરસ સામાન્ય શરદીથી લઈને મધ્ય પૂર્વે MERS અને ગંભીર SARS જેવા રોગો માટે જાણીતા છે.તાજેતરમાં મળી આવેલા કોરોના વાયરસ એ '' કોરોના વાયરસ રોગ COVID-૧૯'નું કારણ બંને છે.અંહી કોરોના વાયરસ શબ્દની શરૂઆત એક લેટીન શબ્દ કોરોનાથી થઇ છે.જેનો અર્થ તાજ થાય છે જે ગોળાકાર વીટાળાયેલ અને કાંટા આકારના હોય છે ત્યારબાદ WHO દ્વારા COVID-૧૯ નામની સતાવાર જાહેરાત કરવામાં આવી હતી.COVID-૧૯ નું પૂરું નામ CORONA VIRUS DISEASE છે.વાયરસનો પ્રથમ કેસ ડીસેમ્બર ૨૦૧૯માં ચીનના હુબઈ પ્રાંતના વુહાન શહેરમાં આવ્યો હતો.

https://www.gapbhasha.org/

## (૩) સંશોધન પધ્ધતિ:

પ્રસ્તુત સંશોધન લેખમાં સંપૂર્ણ દસ્તાવેજી માહિતી (secondary Data)નો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ સંશોધન પેપરમાં પુસ્તકો,સંશોધન લેખો,ઈન્ટરનેટ,સમાચાર પત્રો,સરકારી અને બિનસરકારી અહેવાલો માંથી માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ કરી વર્ણનાત્મક સ્વરૂપે રજુ કરવામાં આવ્યું છે.

## (૪) અભ્યાસનો હેતુ:

- covid-૧૯ની હીરાઉદ્યોગ પરની અસરો જાણવી.

## (૫) અભ્યાસની મર્યાદા:

પ્રસ્તુત સંશોધન લેખ દસ્તાવેજી માહિતી પર આધારિત છે જેમાં ફક્ત covid-19ની હીરાઉદ્યોગની અસરો કેન્દ્રિત કરવામાં આવી છે.

## (૬) સાહિત્ય સમીક્ષા

**GJEPC(૨૦૨૦)**ના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે COVID-૧૯ની હીરારત્નો અને ઝવેરાત ઉધોગ પર નકારાત્મક અસરો જોવા મળી હતી.નાણાકીય વર્ષ ૨૦૧૯ની સરખામણીમાં  વર્ષ ૨૦૨૦ની નિકાસોમાં ઘટાડો થયો હતો.ભારતનો વિશ્વના અન્ય દેશો તુર્કી,અમેરિકા,જાપાન,બેલ્જીયમ,ઇઝરાયેલ,થાઈલેન્ડ,સીંગાપુર સાથેના વેપારમાં ઘટાડો જોવા મળ્યો હતો.

**પરમાર નિલમ(૨૦૨૦)** પોતાના સંસોધન લેખમાં જણાવે છે કે COVID-૧૯ ના લીધે વિશ્વના મોટાભાગના દેશોના અર્થતંત્ર પર નકારાત્મક અસરો જોવા મળી છે.ભારતીય અર્થતંત્રના  જુદા જુદા ઉધોગો પર અસર થઈ છે.જેમાં હીરાઉદ્યોગમાં ફેક્ટરીઓ બંધ,કારીગરોનું સ્થળાંતર,વિદેશી ઓડર રદ થયા,માંગમાં ઘટાડો વગેરે બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

## (૭) હીરાઉદ્યોગ અને COVID-૧૯

COVID -૧૯ની હીરાઉદ્યોગ પર સૌથી વધારે માઠી અસર પહોંચાડી છે.વિશ્વભરમાં પોલિશ્ડ હીરામાં ભારતનું વર્ચસ્વ છે. કેહવાય છે કે તૈયાર થતા ૧૦ પોલિશ્ડ હીરામાંથી ૯ હીરા ભારતમાં તૈયાર થાય છે.કોરોના મહામારીના લીધે વિદેશ સાથેનો વેપાર બંધ થવાથી,લોકડાઉનની અસરના લીધે દેશના રાજ્યો-જુદા જુદા જિલ્લામાંથી કારીગરો એ સ્થળાંતર કર્યું હતું.ગુજરાતમાં હીરાઉદ્યોગનો ફાળો મહત્વનો રહ્યો છે.કારણ કે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૨ લાખથી વધુ લોકોને રોજગારી આપે છે.સુરતનો હીરાઉદ્યોગ અંદાજે વાર્ષિક ૨ લાખ કરોડની નિકાસ કરે છે.ફક્ત સુરત શહેરમાં નાના -મોટા ૬૦૦૦થી વધુ એકમો આવેલા છે.૮૦૦૦ કરોડનું સુરતના હીરાઉદ્યોગને નુકશાન થવાનો અંદાજ છે.

જેમ અને જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા તાજેતરમાં જાહેર કરેલા આંકડાકીય માહિતી પ્રમાણે એપ્રિલ થી જુલાઈ ૨૦૧૯ની સરખામણીમાં  વર્ષ ૨૦૨૧માં કટ અને પોલિશ્ડ હીરામાં ૩૪.૧૩ ટકા નિકાસ વધી છે.જયારે એપ્રિલથી જુલાઈ ૨૦૧૯માં ૪૬૫૧૫.૯૧ કરોડ રૂપિયાનું ૨૦૨૧માં ૬૨૩૯૦.૨૩ કરોડ રૂપિયાના કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ થઇ હતી.બીજી બાજુએ ગોલ્ડ જવેલરી અને સિલ્વર જ્વેલરીની નિકાસોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

https://www.gapbhasha.org/

## (૮) હીરા અને ઝવેરાતની આયાત

| વર્ષ | આયાત (US$) |
|---|---|
| ૨૦૧૬ | ૨૪ |
| ૨૦૧૭ | ૨૯ |
| ૨૦૧૮ | ૩૨ |
| ૨૦૧૯ | ૨૫ |
| ૨૦૨૦ | ૨૪ |
| સ્ત્રોત:GJEPC | |

ઉપરોક્ત કોષ્ટકમાં વર્ષ પ્રમાણે હીરા અને ઝવેરાતની આયાતના આંકડાકીય માહિતી દર્શાવવામાં આવી છે.નાણાકીય વર્ષ ૨૦૧૯માં હીરા અને ઝવેરાતની આયાત ૨૫ યુએસ ડોલર બિલિયન હતી જે વર્ષ ૨૦૨૦માં ઘટીને ૨૪ યુએસ ડોલર બિલિયન થઇ હતી.

## (૯) હીરા અને ઝવેરાતની ચોખ્ખી નિકાસો

| વર્ષ | નિકાસ (US$) |
|---|---|
| ૨૦૧૬ | ૩૨.૬૩ |
| ૨૦૧૭ | ૩૫.૫૧ |
| ૨૦૧૮ | ૩૨.૭૧ |
| ૨૦૧૯ | ૩૦.૯૬ |
| ૨૦૨૦ | ૨૯.૦૭ |
| સ્ત્રોત:GJEPC | |

ભારતનો હીરા અને ઝવેરાતનો વેપાર વિશ્વના અનેક દેશો સાથે જોવા મળે છે જેમાં અમેરિકા,ઇઝરાયેલ, ચીન, હોન્કોંગ, બેલ્જીયમનો સમાવેશ થાય છે.ઉપરોક્ત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૧૯માં હીરા અને ઝવેરાતની નિકાસો ૩૦.૯૬ યુએસ ડોલર બિલિયન હતી જે COVID-૧૯ મહામારીના અને લોકડાઉનના લીધે વર્ષ ૨૦૨૦માં ૨૯.૦૭ યુએસ ડોલર બિલિયનમાં જોવા મળી હતી.જે નિકાસોના પ્રમાણમાં ઘટાડો દર્શાવે છે.

## (૧૦)COVID-૧૯ની હીરાઉદ્યોગ પરની અસરો

- ૨૬ હીરાની માંગમાં ઘટાડો
- માલનો ભરાવો
- મૂડીની અછત
- બેરોજગારીમાં વધારો
- જ્વેલરી સ્ટોરને અસર
- કારીગરોનું સ્થળાંતર( હિજરત )
- રોકડ વ્યવહારમાં ઘટાડો
- હીરાઉદ્યોગના એકમો બંધ પડ્યા
- ઓનલાઈન ખરીદી

https://www.gapbhasha.org/

- પોલીશ્ડ હીરાની માંગમાં ઘટાડો
- વૈશ્વિક મંદીની અસર

## સમાપન:

પ્રસ્તુત સંશોધન પેપરમાં covid-૧૯ અને હીરાઉદ્યોગની ચર્ચા કરવામાં આવી છે. જે પરથી જાણી શકાય કે કોરોના મહામારીના લીધે હીરાઉદ્યોગને પણ નુકશાન થયું છે.કોરોનાની બીજી લહેરબાદ  હીરાઉદ્યોગમાં હીરાની માંગ વધે,નિકાસો વધે,રોજગારીમાં વધારો,આર્થિક સહાય મળે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.

## સંદર્ભસૂચી:

[1] Dr. Thanulingom .n  Research Methodology,Himalaya Publishing House
[2] Covid-19 Impact On Gem And Jewellery sector & Indursty Suggestions to Susatin the Business – March,2020 GOI
[3] ડો.વાત્વે સ્મિતા ‘કોવિડ-૧૯ નવું જોખમ’ યોજના( મે,૨૦૨૦) પેજ નં-૧૧
[4] પરમાર નીલમ ‘covid-૧૯ ની ભારતીય અર્થતંત્ર પર અસર’ ૨૦૨૦
[5] દિવ્યભાસ્કર સુરત આવૃત્તિ ( ઓગસ્ટ-૨૦૨૧) પેજ નં-૧
[6] www.ibef.org
[7] www.gjepc.org
[8] www.kapilghosiya.in
[9] www.diamondtimes.in
[10] www.businessstandard.com